સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

મેળાના માળખાંમાં નવો પ્રાણ પૂરવો પડશે,
ઉત્સવો ના આનંદમાં, ઉત્સાહ પૂરવો પડશે,
પૂરવું પડશે પ્રેમાળ પ્રોત્સાહન વહીવટી -
લાલ આંખ સાથે, મોઢે મોંથાળ પૂરવો પડશે..
(મેળા-ઉત્સવ ચીલો શરૂ)



ચઢ્યા કરે છે,
ભાવ-મોંઘવારીનો
તાપનો પારો

મળે ટાઢક,
આશાની લોટી પર -
શેકાય પ્રજા...

ચિંતન

બ્રહ્મજ્ઞાન વિવેકિનો અમલ ધિયઃ કુર્વન્તસ્ય હો દુષ્કરં યન્મુચંન્ત્યુપ ભોગ કાંચન ધનાન્યેકાન્ત તો નિઃસ્પૃહા ।
ન પ્રાપ્તાનિ પુરા ન સંપ્રતિ ન ચ પ્રાપ્તો દંઢ પ્રત્યયો વાંચ્છાપાત્ર પરિગ્રહાણપિ પરં ત્યકતું ન શકતાઃ વયમ્ ॥

ભતૃહરિના 'વૈરાગ્ય શતક'નો આ શ્લોક છે :

જે લોકો મોહ-મમતાથી સદાય આસક્ત રહે છે એ લોકો ત્યાગી-નિસ્પૃહી થઇ શકતા નથી અને મુક્તિનો આનંદ પામી શકતા નથી.

'જેમણે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી નિર્મળ અને તટસ્થ બુદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે એવા લોકો ખરેખર આ સંસારમાં દુષ્કર અને આશ્ચર્ય પમાડે તેવું કાર્ય કરે છે. કારણ કે સંસારના તમામ ભૌતિક જેના દ્વારા પ્રાપ્ત કરી શકાય એવાં સોનાં-ચાંદી-રત્નો-ધન-સમૃદ્ધિનો સરળ ત્યાગ કરી શકે એ તમામ સમૃદ્ધિ પ્રત્યે નિઃસ્પૃહ થઇ શકે છે અને એનો ત્યાગ પણ કરી દે છે.'

જયારે, અમે તો ભૂતકાળમાં કદી ન મળેલાં અને અત્યારે વર્તમાનમાં પણ જે પ્રાપ્ત નથી છતાં આવી ભૌતિક સુખો આપતી સમૃદ્ધિની ઇચ્છાને બરાબર-મજબૂતી બરાબર પકડી રાખી છે. આવાં ધનને અને ધનની ઇચ્છાને ત્યજવામાં શક્તિમાન થતાં નથી.

સુવિચાર

- શાંતિ માટે વિચારવું એ શક્તિશાળી વિચાર છે.. પણ કંઇજ ન વિચારવું એ એનાથી પણ વધુ શક્તિશાળી છે **- અરવિંદ**
- જીવનના એક તબક્કે ખાલીપાનો અનુભવ તો કરી જુઓ.. તમને પણ દયાળુ બનવામાં રસ જાગી શકે છે **- ભક્તિસૂત્ર**
- જો ગમ હદ સે જયાદા હો, ખુશી ઉસ વક્ત નઝદીક હોતી હૈ, ચમકતે હૈં સિતારે જબ રાત ગહેરી અંધેરી હોતી હૈ **- જાનીસાર અખ્તર**
- જયારે તમે કામમાં તલ્લીન હોવ છો ત્યારે તમે એક વાંસળી બનો છો.. શ્રમ દ્વારા જીવનને ચાહવું એટલે જીવનમાં ગૂઢ રહસ્યોની ઓળખાણ પામવી **- ખલિલ જિબ્રાન**
- દુઃખ સબકો માંજતા હૈ.. ઔર ચાહે સ્વયં સબકો મુક્તિ દેના વહ ન જાને, કિન્તું જીન કો દુઃખ માંજતા હૈ ઉન્હે વહ સીખા દેતા હૈ કી સબકો મુક્ત રખ્ખે **- મૈથિલીશરણ ગુપ્ત**
- કાગડો ઝાડની ટોચે જઇને પણ માત્ર કા.. કા.. કા..ની કાગારોળ કરે છે.. પણ માછલી સમુદ્રને તળીયે જઇને ચૂપચાપ મોતી આપી અદ્રશ્ય થઇ જાય છે **- તમિલ કહેવત**
- સતત આવેલી આપત્તિ સામે ભયમાં રહેવાં કરતાં એકવાર આપત્તિની સામે જોમથી જોશથી ઝઝુમી લેવું જ બહેતર છે. **- થોમસ ફુલ્લર**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

બાળકથી કરી વૃદ્ધ સુધીનાં સૌ પ્રેમનાં ભૂખ્યાં હોય છે. માણસ પાસે પૈસો હોય, સમૃદ્ધિ હોય છતાં પ્રેમ-લાગણી વિના તો તે બિમાર જ દેખાતો હોય છે.

દક્ષિણ અમેરિકાના એક અનાથાશ્રમમાં ચાર-પાંચ વર્ષનાં બાળકો હતા. ત્યાની સ્વચ્છતાં-ચોકસાઇની દેખભાળમાં પુછવું જ શું હોય-આમ છતાં એ અનાથાશ્રમ બાળકોને કોઇ ભેદી રોગ લાગુ પડ્યો અને દર અઠવાડિયે એક બાળક ખાવા-પીવાનું છોડી દે ક્ષીણ થતું જાય અને અંતે મૃત્યુ પામે-ડોકટરો નિદાનમાં કંઇ જ રોગ નથી કહી વિટામીનની ગોળી આપી દે!

બાળકોનાં નિષ્ણાંત ડોકટર અને માનસશાસ્ત્રીની ટીમ યુનોમાંથી આવી. એણે નિરીક્ષણ કર્યું. આશ્રમનાં કર્મચારીઓ પ્રૌઢ હતા. યાંત્રિક રીતે પોતાની ફરજ બજાવતા હતા.

આશ્રમના નિયામકને બીજી બે યુવાન નર્સની નિમણૂંક કરવાની સલાર આપી અને એનું કામ માત્ર બાળકોને પ્રેમ આપવાનું ચૂંબન કરવાં, ભેટવું, તેમની સાથે રમવું એ જ એની ફરજ.

એક મહિનામાં એ બાળકો પર અદ્ભૂત અસર થઇ ચહેરા પર સ્મિત આવ્યા. નર્સ સાથે કિલ્લોલ તોફાન-મસ્તી કરવા લાગ્યાં, ખોરાકમાં વધારો થયો. રોગ તો કયાંય અદ્રશ્ય થઇ ગયો.

જયારે બાળક કે વૃદ્ધને પ્રેમ આપનાર કોઇ ન હોય ત્યારે આ રોગ થાય છે. યુનોના ડોકટરોએ આ રોગનું નામ 'મરાસમસ' રાખ્યું છે.

Email - sureshchandrabhatt18@gmail.com

સ્ત્રી-વિકાસમાં શિક્ષણનો ફાળો

છોડીઓનો ભણાવીને શું હાટ મંડાવવા છે? પચાસ વર્ષ પહેલાં સમાજમાં ઘર કરી ગયેલી માન્યતામાં આજે ભારે પરિવર્તન આવ્યું છે. ગરીબીને કારણે અથવા દીકરીની મહેનત-મજૂરી દ્વારા પૈસા પૈદા કરવાની લાહ્યમાં દીકરીનાં હિતેચ્છુ મા-બાપો પણ એને ભણાવવી એ તો ખોટનો વેપજો સમજતા. પરિશ્રમ ઉપર ચાલતા ખેતી, પશુપાલન જેવા વ્યવસાયો સાથે જોડાયેલા પાટીદારો પણ હવે ઘર આંગણે સગવડ થતાં દીકરીને ગ્રેજ્યુએટ સુધીનું શિક્ષણ આપવામાં એક પ્રકારની મોટાઇ અને ગૌરવ અનુભવે છે. નીચલા ઘરની દલિત વગેરે જ્ઞાતિઓ - વણકર, ભંગી, રબારી અને ઠાકોર ભાઇઓ પણ દીકરા-દીકરીને ભણાવતા થયા છે. ઘર આંગણે નજીક શાળા-કૉલેજો સ્થપાઇ એ તો ખરું, પરંતુ પોતાના સંતાનોને ભણાવવામાં આજે સરકાર તરફથી બેવડું પ્રોત્સાહન મળે છે. પછાત અને બક્ષીપંચના બાળકોને ટ્યૂશન ફીની સંપૂર્ણ માફી ઉપરાંત તગડી સ્કૉલરશિપ મળે છે. અરે, શાળાએ જવા માટે સાઈકલ જેવાં સાધનોનું પણ તેમને મફત વિતરણ કરવામાં આવે છે. આમ, બી.સી.વિદ્યાર્થીઓને ભણતર સાથે આર્થિક ફાયદો થાય છે અને જેવા ભણી રહે કે તરત જ થોડા પ્રયત્ને સારી નોકરી મળી રહે છે. આમ, બધા પ્રકારના પ્રોત્સાહનોને કારણે છેલ્લાં પચાર વર્ષમાં શિક્ષણનો જબરજસ્ત પ્રચાર-પ્રસાર થયો છે. એમાંયે બાળાઓનાં શિક્ષણનો વિસ્તાર આપણી આંખનો આંજી નાખે તેવો આશ્ચર્યજનક છે.

આજથી પચાસ વરસ પહેલાં સામાજિક દૃષ્ટિએ સ્ત્રીની સ્થિતિ હીણપતભરી અને દયાજનક હતી. પુરુષના મુકાબલે નારીનાં માન, સન્માન નગણ્ય હતાં, ઘરની ચાર દીવાલોમાં પુરાયેલી નારી સાંસારિક બોજ અને કામના ઢસરડામાં પિતાસી જતી. એનું જીવન કશીયે મોજ-મજા વગરનું પશુ સમાન હતું. એમાં રાજા રામમોહનરાય, વિવેદાનંક અને ગાંધીજી જેવા મહાપુરૂષો અને સમાજસુધારકોના પ્રતાપે તેમજ બાળલગ્ન, સતી થવાનો ચાલ વગેરે કુરિવાજોને ડામવા અવારનવાર થયેલા પ્રતિબંધક કાયદાઓ તેમજ નારીમુક્તિ આંદોલનોએ સ્ત્રી-સન્માનની ભાવનાના વિકાસમાં ફાળો આપ્યો. આ સૌમાં નારીજાગૃતિ અને એના સર્વતોમુખી વિકાસમાં કેળવણીનો ફાળો અનન્ય રહ્યો. હવે સ્ત્રીને સમજાયું કે આ અવદશામાંથી મુક્ત થવાનો એક જ માર્ગ છે - અને તે છે કેળવણી. એટલે બાળાઓને અનન્ય નિષ્ઠા અને અપૂર્વ ઉત્સાહથી ભણવા માંડી. છેલ્લા થોડા વર્ષોમાં નારીશિક્ષણની ગતિ એટલી તીવ્ર બની કે જોતજોતામાં એ પુરૂષો કરતાં આગળ નીકળી જશે, એવો સૌને અહેસાસ થયો.

સ્ત્રી-શિક્ષણના ત્રણ તબક્કા છે. પ્રથમ તબક્કામાં પાંચ-સાત ચોપડી ભણી અને તેમાંથી થોડીસ સ્ત્રીઓ શિક્ષિકાઓ બની, બીજા તબક્કે તેઓ હાઇસ્કૂલમાં પહોંચી અને કલાર્ક, ટાઈપીસ્ટ કે નર્સ જેવા વ્યવસાયમાં ઠરી અને છેલ્લા તબક્કામાં તો કૉલેજનાં હાઈટેક એજ્યુકેશન સુધી છલાંગ લગાવી. ડૉકટરો, કોમ્પ્યુટર, સોફ્ટવેર, એન્જિનિયર, ફાર્મસી કે બી.બી.એ., એમ.બી.એ. અને વકીલ સી.એ.ની કક્ષાઓ ઝળકી. હજીયે મા-બાપોનાં મનમાં દીકરી-દીકરા વચ્ચે ભેદ તો છે જ. અભ્યાસ માટે દીકરાને જે પ્રોત્સાહનો અને સવલતો મળે છે, એ દીકરી માટે સુલભ નથી. ઊલટું ઘરનાં નાના-મોટા કામોમાં એને જોતરાવું પડે છે. આવાં વ્યવધાનોને એ સખત પરિશ્રમ, એકાગ્રતા અને અનન્ય નિષ્ઠાથી ઓળંગી જાય છે. શિક્ષણની બાબતમાં એ છોકરા કરતાં વધારે ગંભીર છે. પરિણામે આજે તમે કોઈ પણ યુનિવર્સિટીના ગોલ્ડમેડલ મેળવનાર વિદ્યાર્થીઓની યાદી જુઓ તો છોકરાં કરતાં છોકરીઓની સંખ્યા વિશેષ દેખાશે. ધો. ૧૦-૧૨ નાં પરિણામોમાં પણ બાળાઓ મેદાન મારી જાય છે. પરિણામે શૈક્ષણિક સંસ્થાઓ અથવા જુદી - જુદી જ્ઞાતિઓનાં કેળવણી મંડળો તરફથી સમાજના તેજસ્વી તારલાઓની પ્રતિભાને સન્માનવાના કાર્યક્રમમાં પણ વિદ્યાર્થીઓ અગ્રેસર હોય છે.

સાક્ષરતાના વિકાસદરમાં સંખ્યાની દૃષ્ટિએ છોકરીઓ કરતાં છોકરાઓ આગળ છે, પરંતુ વિકાસની ગતિમાં બાળાઓ છોકરાઓ કરતાં બમણી ઝડપે આગળ વધે છે. સને ૧૯૬૧માં સાક્ષરતાનો સામાન્ય દર ૨૮.૩૦ હતો, જેમાં પુરૂષોનો ૪૦.૪૦ અને સ્ત્રીઓનો ૧૫.૩૫ હતો. ચાલીસ વર્ષ પછી સને ૨૦૦૧ના સર્વે પ્રમાણે છોકરાઓનો વિકાસ બે ગણો થઇ ૮૦.૫૦ એ પહોંચ્યો, જયારે બાળાઓનો વિકાસદર લગભગ ચાર ગણો થઇ ૫૯ ઉપર પહોંચ્યો છે. પરંતુ સાક્ષરતાના વિકાસમાં સમગ્ર રાષ્ટ્રમાં તેનું સ્થાન પંદરમું છે એન મહિલા સાક્ષરતામાં તો એનો ક્રમાંક ૨૧મો છે. શિક્ષણની ગતિવિધિમાં આંકડા આપણી આંખ ઉઘાડે તેવા છે.

એથી, તો ગુજરાતમાં નરેન્દ્ર મોદીના શાસન દરમિયાન, અને આનંદીબેન જેવા શિક્ષાવિદ્ સન્નારીના નેતૃત્વમાં શિક્ષણના અને ખાસ કરીને બાળાઓનાં શિક્ષણ માટે સમાનતા પૂર્વક યોજનાબદ્ધ પ્રયત્નો હાથ ધરાયા છે. જોકે બાળાઓના શિક્ષણમાં પચીસ વર્ષ પહેલાથી મફત સ્ત્રી-શિક્ષણની જોગવાઈ થતાં શાળા મહાશાળાઓમાં ભણતી વિદ્યાર્થીઓનો અસાધારણ ધસારો થયો. ગુજરાતમાં નરેન્દ્ર મોદી જેવા દૃષ્ટિવંત કાર્યશીલ મુખ્યમંત્રીશ્રીએ પાયાના પ્રાથમિક શિક્ષણની પાંખી સવલતોને મજબૂત કરવામાં ધ્યાન કેન્દ્રીત કર્યું. ૪૬ હજાર નવા ઓરડાઓ બાંધવામાં આવ્યા અને ૪૩૮૨ પ્રાથમિક શાળઆઓ નવી શરૂ થતાં કુલ. પ્રા શાળાઓ વધીને ૩૭, ૫૦૧ થઈ. વળી, બે વર્ષ પહેલાં શાળામાં જવાલાયક બાળાઓના એનસેટલમેન્ટને ૧૦૦ ટકાએ પહોંચાડવાની અપૂર્વ સિદ્ધિ હાંસલ કરી. અગાઉ ધોરણ ૧ થી ૫ માં ઊઠી જનારા (Drop out) વિદ્યાર્થીઓનો દર ૫૧ હતો, તે ઘટાડીને ૩૭ સુધી નીચે લઈ જવાનોય. કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે ૨૨૫ તાલુકામાં રથયાત્રા ફેરવી ૬૦૦૦ ગામડાંઓ પ્રયત્નપૂર્વક સંપર્ક સાધ્યો ને શાળામાં પહેલા ધોરણમાં બેસી પ્રાથમિક શિક્ષણ સફળતાપૂર્વક પૂરું કરનાર દરેક બાળાઓને રૂા. ૧૦૦૦/- નું વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાની યોજના કરી. એક જ વર્ષમાં ૧ લાખ ૨૪ હજાર બાળાઓનો બોન્ડ એનાયત કર્યા અને શિક્ષકોની ઘટ પૂરી કરવા ૬૪ હજાર નવા શિક્ષકોની ભરતી કરવામાં આવી. વળી, દરેક બાળા ભણીગણી પોતાના નાનકડો વ્યવસાય કરી શકે તે માટે ફૂડપ્રોસેસિંગ, ઈમીટેશન જવેલરી, ફૅશન ડિઝાઈનર, જરી ક્રાફ્ટ, જરદોશી, ગારમેન્ટ જેવા ટૂંકા ગાળાનાં ધંધાકીય અભ્યાસક્રમો શરૂ કર્યા.

સરકાર દ્વારા આવી અનેકવિધ શૈક્ષણિક યોજનાઓ થઈ તે પહેલાં સમાજનાં જાગૃત મંડળો કે સેવાભાવી વ્યક્તિઓ દ્વારા કન્યાકેળવણીને ઉત્તેજન આપવાના થયેલા સંનિષ્ઠ પ્રયાસોની નોંધ લેવી જોઈએ. જેમ કે પાટીદાર સમાજની બાળાઓ છાત્રાલયમાં અભ્યાસ કરે તે માટે ઊંઝાના કન્યા છાત્રાસયમાં ઊંઝાના હરૂ પરિવાર તેમજ આગેવાનો અને આપણી જ્ઞાતિના શ્રેષ્ઠી મફત ગગલ પરિવારની નોંધ લેવી ઘટે. તેવી જ રીતે સમગ્ર ભારતના માત્ર સ્ત્રીઓનાં કૉલેજ શિક્ષણનાં ઉમદા હેતુથી સ્થપાયેલી એસ.એન.ટી.ડી. યુનિવર્સિટીની સક્રિયતા પણ સરાહનીય છે.

આ ચાલીસ વર્ષોમાં શિક્ષણના પ્રસારથી સ્ત્રીઓમાં જાગૃતિ આવી. પોતાની હીનદશાનું ભાન થતાં એમાંથી મુક્તિ મેળવવા એ સભાન થઈ. શિક્ષણ દ્વારા બૌદ્ધિક વિકાસ સાધી, વ્યાવસાયિક કૌશલ્ય પ્રાપ્ત કરી જીવનનાં દરેકે દરેક ક્ષેત્રોમાં નારી પુરા પ્રભાવ સાથે છવાઈ ગઈ છે. પરિણામે આજે નારીના દરજ્જામાં જમીન-આસમાનનું અંતર પડ્યું છે. માત્ર લૂંડાપણું (ગુલામડી) કરતી નારીની બુદ્ધિ પગની પાનીએ નથી. એ પુરુષ સમોવડી થઈ નરનાં જેવું કોઈ પણ કાર્ય સફળતાપૂર્વક કરી શકે છે, એવા આત્મવિશ્વાસ સાથે સમાજમાં બધાં જ ક્ષેત્રોમાં એણે પદાર્પણ કર્યું અને પુરી સફળતાથી પોતાનો જવાબદારી નિભાવી. પુરૂષના જેવી પોલાદી દઢતા, મહત્ત્વાકાંક્ષા, ઈચ્છાશક્તિ, કુનેહ અને નીડરતાથી ભારત જેવા વિશાળ રાષ્ટ્રના વડાપ્રધાનપદે આરૂઢ શ્રીમતી ઈન્દિરા ગાંધીની જ્વલંત સફળતાની નોંધ સમગ્ર વિશ્વને લેવી પડી. વિશ્વની એકમાત્ર સંસ્થા યુનોની મહાસભાના અધ્યક્ષપદે વિજયાલક્ષ્મી પંડિત પહોંચ્યા. દેશના મુક્તિસંગ્રામમાં સરલાબહેન સારાભાઈ, સરોજિની નાયડુ કે સૂચેતા કૃપલાણીના સ્વાર્પણની નોંધ લેવાઈ.

સાહિત્ય ક્ષેત્રે બંગાળી મહાશ્વેતાદેવી, અમૃતા અને કુન્દનિકા કાપડિયા કે ગુજરાતી સાહિત્ય પરિષદના મુખ્યપદે આરૂઢ ધીરૂબહેન પટેલ, નાટ્યક્ષેત્રે સરિતા જોષી, ચિત્રકામમાં અમૃતા શેરગીલ કે યામિની રાય, ભરટનાટ્યમમાં આપણાં મૃણાલિની સારાભાઈ, કથ્થકમાં આશા પારેખ અને સુવર્ણો ઝવેરી જેવી ઝવેરી બહેનો, રુકિમણી, અરૂંડેલ ઉપરાંત સંગીતમાં મીથ બનેલાં લતા મંગેશકર, આશા ભોંસલે, કૌમુદી મુનશી કે અલકા યાજ્ઞિક જેવાંએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પોતાની કલાનાં ઓજસ પાથર્યા છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

સ્ત્રી શિક્ષણ છેલ્લી ત્રણેક પેઢીથી શરૂ થયેલી ક્રાંતિકારી પ્રક્રિયા છે. ગુજરાત શરૂથી જ પ્રગતિશીલ રહ્યું છે, તે વાત સાચી. પરંતુ સ્ત્રી શિક્ષણના મુદ્દે ગુજરાતનાં પ્રથમ મહિલા સ્થાનક વિદ્યાગૌરી નીલકંઠ - (આપણા પ્રશિષ્ટ સાહિત્યકાર રમણભાઇ નીલકંથનાં પત્ની) નો જન્મ દિવસ કાલે જ ગયો.

તા. ૧ જૂન, ૧૮૭૬ના દિવસે જન્મેલાં આપણાં પ્રથમ વિદૂષીની સ્મૃતિમાં આજે અહીં ઉત્તર ગુજરાતનાં મૂક સારસ્વત, માણસા કોલેજનાં પૂર્વ આચાર્ય પ્રિ. કેશુભાઇ પટેલનો 'સ્ત્રી વિકાસમાં શિક્ષણનો ફાળો' નિબંધ પ્રસ્તુત કરું છું. ભદ્રવર્ગની મહિલાઓમાં શિક્ષણ વહેલું આવ્યું. ખેડૂતની દીકરી માટે તો નિશાળનું પગથિયું ચડવું ઘણું દોહ્યલું હતું : આજે ગુજરાતમાં મુખ્યમંત્રી ખેડૂત પરિવારમાં જન્મી-ઉછરીને શિક્ષિકામાંથી લોકનેતા બનેલાં મા. શ્રીમતી આનંદીબેન પટેલ છે, તે સ્ત્રી શિક્ષણના સુભગ પરિણામનું નરવું-ગરવું આંખવગું ઉદાહરણ છે.

- અચના

ભૌતિક આકાંક્ષાઓ સાથે જીવનની વાસ્તવિક પ્રગતિની ક્ષિતિજોને વિસ્તારતું પ્રેરણાદાયક પુસ્તક

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

જીવનમાં સફળતા કઇ રીતે મળે? તે માટે શું પ્રયત્નો કરવા જોઇએ? આવા બધા પ્રશ્નો ત્યારે થાય જયારે માણસ નિરાશ થયો હોય. સફળતા હાથવેંત છેટી રહી જતી હોત. પ્રયત્નો નિષ્ફળ જતાં હોય એવું તેને લાગતું હોય.

આમ તો દરેક માણસના જીવનમાં સફળતા અને નિષ્ફળતા ગુંથાયેલી જ જોવા મળે છે. જયારે માણસ પોતાના ધ્યેયમાં સફળ થાય છે ત્યારે તે ખુબ ખુશ થતો હોય છે પણ નાની નાની સફળતાઓ વચ્ચે કંઇક કરી બતાવવાની ઝંખના હોય એવો માણસ એક્સ્ટ્રા ઓર્ડિનરી કંઇક કરવા અને તેમાં સફળતા મેળવવા પ્રયત્ન કરતો હોય ત્યારે આવી સફળતાના સરળ પગલાં ભરવા તેણે શું કરવું જોઇએ તેની વાત કરતું એક પુસ્તક હમણાં જ મારા હાથમાં આવ્યું છે જેના વિષે જાણવામાં તમને જરૂર રસ પડશે જ કારણ કે એક્સ્ટ્રાઓર્ડિનરી સફળતા મેળવવાની ઇચ્છા તો દરેકના મનમાં કયાંક ને કયાંક પડી જ હોય છે.

કેટલાક લોકો દરરોજ હતાશાનો સામનો કરે છે. તેમને દરેક બાબતમાં બાંધછોડ કરવાની ફરજ પડે છે તથા અજંપો અને અંસતોષ તેમને કોરી ખાય છે. તેમના મનપસંદ ક્ષેત્રમાં તેમને કામ કરવાની તક મળતી નથી, તેથી જીવનમાં તેઓ નિષ્ફળ ગયાનો છેવટે અફસોસ કરે છે.

શું સફળતા એ માત્ર નસીબનો ખેલ છે? સિદ્ધિ માત્ર ગણ્યા ગાંઠ્યા લોકોને જ મળે છે? બાકીના લોકો કંઇક કરી બતાવે તો અસંભવ છે? ના બિલકુલ નહીં. આ વાત સાથે લેખક સંમત નથી. જો તમે અનોખા પગલાં ભરશો તો અવશ્ય અલગ ઓળખ બનાવી શકશો. સત્ય ઘટના પર આધારિત એવાં અનેક ઉદાહરણો દ્વારા આ પુસ્તક તમને સફળતાથી સખત મહેનતનું મહત્ત્વ સમજાવે છે અને તમારા ભયને ભાંગી નાખે છે. તેમ જ તકને ઓળખીને તેનો મહત્તમ લાભ ઉઠાવતાં શિખાવે છે.

તો હવે જોઇએ કે તમારી ક્ષિતિજોને વિસ્તારતું આ પુસ્તક તમારાં સપનાં સાકાર કરવામાં કઇ રીતે ઉપયોગી થઇ શકે તેમ છે.

આ પુસ્તકમાંથી પસાર થતાં શરૂઆતમાં વાચકને થોડું વિચિત્ર લાગે તેવું છે. મહત્વાકાંક્ષાની વાતોમાં ખાસ તો ભૌતિક સમૃદ્ધિની વાતો વધુ છે. જેમ કે મોટી કાર, વિશાળ બંગલો અને વિદેશમાં વેકેશન. આવું નવું વાંચતાં એમ થાય કે પ્રેરણાદાયક પુસ્તકમાં આવી સ્થૂળ મહત્ત્વાકાંક્ષા? એમાં તો જીવનને આંતરિક રીતે સમૃદ્ધ કરવાની વાત હોવી જોઇએ ને? એવા પ્રશ્નો આ પુસ્તકનો અનુવાદ કરનાર ખ્યાતિ ખરોડને પણ થયા છે. અહીં તો બેન્ક બેલેન્સની જ વાતો હોય તેવું શરૂમાં તેમને લાગ્યું પરંતુ જયારે આખું પુસ્તક વાંચ્યું ત્યારે લાગ્યું કે આ તો તેમનો ઉતાવળતિયો પ્રતિભાવ હતો. પહેલાનાં જમાના કરતાં અત્યારે કારકિર્દીમાં સ્પર્ધા એટલી હદે વધી ગઇ છે અને જીવનધોરણ એટલું બધું જતું જાય છે કે આ પરિવર્તનની સદંતર અવગણના કરવી, એ તો રેતીમાં મોં છૂપાવીને તોફાનનો સામનો કરવા જેવું ગણાશે. કોઇ પણ યુવાનને આજના સમયમાં આ પડકારોથી બચાવવો શક્ય નથી. જે શક્ય છે તે એ જ કે યુવાનને એ રીતે તૈયાર કરવો કે આ બધું મેળવવા માટે તે સાચો માર્ગ અપનાવે. લેખક આ કામ કરવામાં ચોક્કસ સફળ થયાં છે. જાહોજલાલીના સપનાં જોનારાને કંઇ રીતે ઢંઢોળીને જગાડી દીધો અને ભૌતિક આકાંક્ષાઓની વાતોમાંથી કયારે જીવનની વાસ્તવિક પ્રગતિની વાતો શરૂ થઇ ગઇ તે ખુબી વાચકને અભિભૂત કરે તેવી છે. એ રીતે જોઇએ તો સમયના અવાજને પારખતું આ પુસ્તક અત્યંત પ્રાસંગીક ગણી શકાય.

સૌથી મહત્ત્વની ખુબી તો આ પુસ્તકની રજૂઆતમાં છુપાયેલી છે. લેખકે તેમની સલાહો કે સૂચનો વાચક સમક્ષ સીધીસીધા રજૂ કરવાને બદલે તેમના ઉપરી અધિકારી માર્કનાં મુખે બોલાવ્યાં છે. તેથી આ પુસ્તક સહેજ પણ ઉપદેશાત્મક બની જતું નથી. લેખક અને વાચક બંને એક તરફ જ છે. તેથી વાચકને તો એમ જ લાગે કે મને કયાં કોઇ સલાહ આપે છે? આ તો લેખક ને સલાહ અપાઇ રહી છે. વલી આ સલાહો છે એવી અસરદાર કે લેખકની બાજુની સીટમાં બેઠેલા વાચકને અજાણતાં જ હૈયાં સોંસરવી ઉતરી જાય છે. રજૂઆતની આ કમાલના કારણે આ પુસ્તક વાચકોની વધુ સારી સ્વીકૃતિનું હકદાર બનશે એમ લાગ્યા વિના રહેતું નથી.

પુસ્તકની બીજી એક ખાસિયત છે. તેમાં આપવામાં આવેલાં ઉદાહરણો, બોધકથા કે પ્રેરક પ્રસંગોનાં કોઇ અન્ય પુસ્તકમાં તમને નહીં મળે. એટલા તદ્દન નવાં ઉદાહરણો અહીં આપવામાં આવ્યાં છે. કે.એફ.સી. ને આજે સૌ જાણે છે. પણ તેના હોર્ડિંગ્સ પર આપવામાં આવેલા કર્નલ સેન્ડર્સને લોકો કયાંથી ઓળખવાનાં? આ પુસ્તક આપવાને તેમનો અને તેમનાં સંઘર્ષનો પરિચય કરાવે છે. મેસિઝ સ્ટોરના માલિક કે મેરેલિન મનરોની વાતો આપણે માટે ઓછી જાણીતી છે. તેથી જ તેમનાં સંઘર્ષોના પ્રસંગ વધુ તાજગી ભર્યા અને અસરકારક લાગે છે.

આ પુસ્તકમાંથી પસાર થતાં આપણે જોઇ શકીએ છીએ કે પરિચયથી શરૂ થયેલ વાત ઇફોર એન્વિઝન, એક્સ ઓફ એક્શન, ટી ફોર ટાયરલેસ, આર ફોર રિસ્ક અને એ ફોર એચિવમેન્ટ થ્રુ પાર્ટીસ્ટન્સની વાત કરતાં કરતાં અદમ્ય ઉત્સાહનો ધોધ બનવાની શ્રેષ્ઠતા સાથે સમાધાન નહીં સાધવાની અને પ્રેરણાદાયક વાતાવરણ સર્જવાની વાત વાચકને ગળે સીરાની જેમ ઉતારી દે છે અને તેને સમજાવે છે કે સમય એક અમૂલ્ય સંપત્તિ છે. નેતૃત્વ લો, જવાબદારી ઉઠાવો, શ્રેષ્ઠતા માટે સતત સુધારો અમલમાં મુકો, કેમ કે પરિવર્તન પ્રગતિનું પ્રથમ સોપાન છે. તેમાં સહકાર વિના ઉદ્ધાર નથી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

સિટીલાઇટ્સ : પરિવાર પ્રત્યેના પ્રેમ ખાતર તમે કઇ હદ સુધી જશો?

પરિવાર પ્રત્યેના પ્રેમ ખાતર તમે કઇ હદ સુધી જશો...? આવી ટેગ લાઇન સાથેની દિગ્દર્શક હંસલ મહેતાની ફિલ્મ 'સિટીલાઇટ્સ' તમને ભીતરથી ખળભળાવી કે હચમચાવી નાખે એવી ફિલ્મ છે.

મહેશ ભટ્ટ કેમ્પના પ્રોડકશન્સની હંસલ મહેતા દિગ્દર્શિત ફિલ્મ 'સિટીલાઇટ્સ' દિપક સિંહ નામના રાજસ્થાનના પાલી વિસ્તારના એક ગામડામાં કાપડની સામાન્ય દુકાન ધરાવતા ગરીબ યુવાન અને તેના નાના ત્રણ જણાના પરિવારની વાત છે. ગામડામાં ગુજરાનના ફાંફા છે અને શહેરમાં જઇએ એટલે સમૃદ્ધ થઇ જ જવાય એવા ફાંકા છે એટલે દિપક સિંહ (રાજકુમાર રાવ) પોતાની પત્ની-પત્રલેખા અને દીકરીને લઇને પોતાના એક ભાઇબંધના અને માતારાનીના ભરોસે મગરમચ્છ જેવી મુંબઇ નગરીમાં આવે છે. સાવ

અજાણ્યા મુંબઇ શહેરમાં ભલોભોળો - કયાંક કયાંક ભોટ લાગે એટલી હદનો ભોળો દિપકસિંહ અને તેનો પરિવાર મુંબઇ સિટીની લાઇટ્સ પાછળના કાળમુખા અંધકારમાં કેવા અટવાય છે; તેનું રૂંવાળા ઉભા થઇ જાય એવું નિરૂપણ એટલે 'સિટીલાઇટ્સ.'

'સિટીલાઇટ્સ' મૂળ ફિલીપીનો ભાષાની એવોર્ડ વિજેતા ફિલ્મ 'મેટ્રો મનીલાની ઓફિસીયલ રિ-મેઇક છે. સિન એલીસની આ એવોર્ડ વિજેતા વિદેશી ફિલ્મને હંસલ મહેતાએ સંપૂર્ણપણે અને શ્રેષ્ઠ રીતે ટીપીકલ ભારતીય ફિલ્મ બનાવી છે.

૨૦૧૦માં 'લવ, સેક્સ ઔર ધોખા' માં પહેલીવાર ફિલ્મોમાં આવેલો ગુડગાંવ-હરિયાણાનો અભિનેતા રાજકુમાર યાદવ એટલે કે રાજકુમાર રાવ સર્ટિફાઇડ શ્રેષ્ઠ કલાકાર છે. પુનાની ફિલ્મ ઇન્સ્ટીટયુટના આ વિદ્યાર્થીને તેની 'શાહીદ' ફિલ્મની ભૂમિકા માટે અભિનેતાનો નેશનલ એવોર્ડ મળ્યો છે. હજુ હમણાં જ 'ક્વીન'માં કંગના રાણાવતના ફિયાન્સની ભૂમિકામાં આપણે રાજકુમાર રાવને જોયો છે. 'સિટીલાઇટ્સ' માં રાજસ્થાન-પાલીના યુવાન તરીકે રાજકુમાર રાવે સરસ અભિનય કર્યો છે.

અભિનયની વાત કરીએ તો ફિલ્મમાં રાજકુમારના સહકર્મી - વિષ્ણુની ભૂમિકામાં માનવ કૌલ નામના આમ અજાણ્યા અભિનેતાએ વિશેષ ધ્યાન આકર્ષિત કર્યું છે. કાશ્મીરના બારામુલાનો આ સપોર્ટીંગ કલાકાર આમ તો સારો સ્ક્રીન-પ્લે રાઇટર અને દિગ્દર્શક પણ છે. 'હંસા'ના દિગ્દર્શક તરીકે માનવ કૌલે દિગ્દર્શનના ક્ષેત્રમાં હાથ અજમાવ્યો હતો. વર્ષ ૨૦૦૩માં 'જજંતરમ-મમંતરમ' નામની ફિલ્મમાં પણ માનવ કૌલ દેખાયો હતો. જો કે ૨૦૧૩માં 'કાઇ પો છે' માં રાજકારણી તરીકેની ભૂમિકામાં તમને યાદ હશે... એ પણ નહીં હોય તો 'સિટીલાઇટ્સ' ના વિષ્ણુને તો કોઇ ભૂલી નહીં શકે. જેમ વિદ્યાબાલનની 'કહાની' પછી નવાઝુદ્દીન સિદ્દીકી (સીબીઆઇ ઓફિસર) ને સહુ કોઇ ઓળખતું થઇ ગયું એમ 'સિટીલાઇટ્સ' પછી માનવ કૌલનું માર્કેટ જરૂર ઊંચકાશે...

ફિલ્મની મુખ્ય અભિનેત્રી પત્રલેખાનો અભિનય પણ જાનદાર છે. પત્રલેખાની આ પહેલી જ ફિલ્મ છે. પહેલી જ ફિલ્મમાં કામ કરતાં - કરતાં પત્રલેખા અને રાજકુમાર રાવને સાચેસાચ પ્રેમ થઇ ગયો છે. પત્રલેખાએ હમણાં જ એક ઇન્ટરવ્યુમાં આ વાતનો સ્વિકાર પણ કર્યો છે અને આવનારા દિવસોમાં આપણે તેમના જોડાણના સમાચારો વાંચીએ એમ પણ બને.. રાજકુમાર અને પત્રલેખાની કેમેસ્ટ્રી ઊડીને આંખે વળગે છે...

ફિલ્મનું સંગીત અને ગીતો પણ અર્થસભર છે. કવિ રશ્મિ સિંઘે લખેલું ગીત 'સોને દો...' માત્ર મજા પડી જાય એવું નહીં, અંતરને સ્પર્શી જાય એવું છે... એના શબ્દો સાંભળો... સોરી વાંચો... 'સોને દો... ખ્વાબ બોને દો, જાગેંગે ફીર થામેંગે કોઇ વજહ જીને કી... ઇતને સારે ચહેરે હૈં ઔર તન્હા સબ કે સબ, તેરે શહર કા કામ હૈ ચલના યુંહી બે-મતલબ, ચહેરોં કે ઇસ મેલે મેં અપના કોઇ મિલને દો ના... સોને દો... ખ્વાબ બોને દો...' અરિજિત સિંઘના મખમલી અવાજમાં આ ગીત સાંભળજો, જરૂર ગમશે. જીત ગાંગુલીનું સંગીત સામાન્ય છતાં કર્ણપ્રિય છે.

'સિટીલાઇટ્સ' મનોરંજક સ્હેજેય નથી. દિલથી દુઃખી કરી નાખે એવી આ ફિલ્મ આમ તો ચેતવણી છે એવા પરિવારો - એવા યુવાનોને કે જે પગભર થવા, સમૃદ્ધ થવા શહેરો તરફ દોડી આવે છે... ચેતવણી છે એવા નિર્દોષ યુવાનોને જે અન્યની મહત્ત્વાકાંક્ષાઓનો ભોગ બની જાય છે... ચેતવણી છે એવા યુવાનોને જે પરિવારના સુખ ખાતર ખુવાર થઇ જાય છે... ખરેખર, પરિવાર પ્રત્યેના પ્રેમ ખાતર માણસ તમામ હદ ઓળંગી શકે છે... જેનું કમકમાટીભર્યું નિરૂપણ એટલે 'સિટીલાઇટ્સ.'